# શંકરસિંહ વાઘેલા દ્વારા ભિલોડામાં ભાજપ પર આકરા પ્રહારો



ભિલોડા, તા.૩૦ અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રાધા-કુંજ સીનેમા એન્ડ શોપીંગ સેન્ટર પટ્ટાંગણમાં તા.૩૦/૩/૨૦૧૪ ને રવીવારના રોજ બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ કોંગ્રેસ ઉમેદવાર શંકરસિંહ વાઘેલાની સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડૉ.અનિલભાઈ જોષીયારા, કલજીભાઈ કટારા, શુભેન્દ્રસિંહ સિસોદીયા, કુમાર વનરાજસિંહ રાઠોડ, કુમાર ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, બલભદ્રસિંહ ચંપાવત, ડૉ. કિશોરભાઈ ડામોર, મુકેશભાઈ પટેલ, અમરતલાલ પરમાર, બાબુલાલ પરમાર, ભરતભાઈ ત્રિવેદી, ડિમ્પલબેન ગુર્જર સહિત કોંગ્રેસ હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ કોંગ્રેસ ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આઝાદીના વર્ષો પછી અર્થઘટન બદલાતું જાય છે. મને મતદારોને છેતરી મતો મેળવી લેવાનું રાજકારણ ગમતું નથી. મુખ્યમંત્રીએ શેનો વિકાસ કર્યો છે ? શિક્ષકો, એસ.ટી.બસોની સુવિધા તો પુરતી નથી.કરોડો રૂપિયાના કૌભાંડો કર્યા છે. ખેડુતોને ૨૪ કલાક પુરતી વીજળી મળતી નથી ત્યારે કરોડપતી ઉદ્યોગપતીઓને પુરતા પ્રમાણમાં વીજળી મળે છે. ગુજરાત રાજ્યમાં લાખ્ખો નવયુવાનો બેકાર છે ત્યારે નોકરી,ધંધાની તકો ખુબ ઓછી છે. મુખ્યમંત્રી વિવેકી ભાષા વાપરતા નથી અને હલકી ભાષા સીવાય કશો ઉપયોગ કરતા નથી જાણે કે મુખ્યમંત્રી તો સીનેમાના ઍક્ટર હોય તેવી ભુમિકા ભજવી રહ્યા છે. માતાજીના દર્શન કરવા જવું હોય તો ઘોડે ચડી ના જવાય,લગ્ન કરવું હોય તો વરરાજા ઘોડે ચડતા હોય છે. હું મતદારોને ખોટા વચનો,ખોટા વાયદા આપતો નથી અને હું ખોટા વચનો આપતો નથી.ભાજપ સરકાર,ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી, ભારત દેશના ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર ઉપર શાબ્દીક રીતે પ્રહારો કર્યા હતા. ભિલોડા તાલુકાના મતદારોને અપીલ કરી જણાવ્યું હતું કે કોંગ્રેસના સિમ્બોલ ઉપર આપનો કિંમતી મત આપી અપાવી જંગી બહુમતીથી વિજય અપાવવા વિનંતી કરી હતી.

# ઊંઝા ભૂગર્ભ ગટરલાઈન સાફ કરવા અંદર ઉતરેલા ચાર પૈકી બે ના ગુંગળાઈ જતા કરૂણ મોત

ઊંઝા, તા. ૩૦

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ ઉમિયાનગરમાં નંખાયેલ ભૂગર્ભ ગટરલાઈન સાફ કરવા માટે અંદર ઉતરેલા કુલ ચાર વ્યક્તિઓ પૈકી એક સફાઈ કામદાર અને એક સુપરવાઈઝરનું ગટરના દૂષિત ગંદા પાણીના લીધે ગુંગળાઈ જવાથી કરૂણ મોત નિપજતા ભારે હાહાકાર મચી ગયો હતો. આ કરૂણાંતિકમાં એક સફાઈ કામદારનો આબાદ બચાવ થયો હતો. જ્યારે એક કામદારને ગંભીર હાલતમાં સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

બનાવની વિગત એવી છે કે, ઊંઝા ખાતે હાઈવે નજીક રેલવેના અગિયાર ગરનાળા સામે ઉમિયાનગર ખાતે નગરપાલિકા દ્વારા ૩૦ ફૂટ જેટલી ઉંડાઈએ મોટી ભૂગર્ભ ગટર લાઈન નાંખવામાં આવેલ છે. આ ગટરલાઈનની સફાઈ માટે અમદાવાદની કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેથી સવારે ગટરલાઈનની સાફ સુફી માટે કંપનીના સુપરવાઈઝર સફાઈ કામદારોને લઈને ઊંઝા ઉમિયાનગર ખાતે આવ્યા હતા.

દરમિયાન ગટરલાઈનનું ઢાંકણુ ખોલીને વારાફરથી ત્રણ સફાઈ કામદારો ઉંદર ઉતર્યા હતા. જેમાં ત્રીજા ઉતરેલ કામદારને ગટરલાઈના દૂષિત ગેસથી ગુંગળામણ થતાં તેઓ તુરત બહાર નીકળી ગયા હતા. અને સુપરવાઈઝરને વાત કરતાં તેઓ તુરત ગટરલાઈનમાં પડેલા બે સફાઈ કામદારોને બચાવવા માટે અંદર ઉતર્યા હતા. જેઓ પણ અંદર ગુંગળાઈ ગયા હતા.

દરમિયાન આ દુર્ઘટનાની જાણ થતાં નગરપાલિકા પ્રમુખ, મુખ્ય અધિકારી, સદસ્યો તથા સ્ટાફ, કોટેજ હોસ્પિટલમાંથી તબીબની ટી, આસપાસના ફેક્ટરીઓવાળા તેમજ સ્થાનિક ધારાસભ્ય અને લોકો ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને જેસીબી મશીન દ્વારા ગટરલાઈનની બાજુમાં ઉંડો ખાડો ખોદીને ગટરલાઈન ખુલ્લી કરી ગટર લાઈનનો ભાગ તોડી નાંખ્યો હતો

ત્યારબાદ અહીંથી એક માણસે અંદર પ્રવેશી ગટરલાઈનમાંથી ત્રણ વ્યક્તિઓને વારાફરથી બહાર કાઢ્યા હતા. અને તુરત ત્રણેયને ગંભીર સ્થિતિમાં એમ્બ્યુલન્સવાનમાં સ્થાનિક કોટેજ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં બે વ્યક્તિઓને મૃત જાહેર કરાયા હતા. જ્યારે એકની સ્થિતિ ગંભીર જણાતાં તેને વધુ સારવાર માટે મહેસાણા લાયન્સ જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



આ દુર્ઘટનામાં હરેશ બાબુલાલ કુવારીયા ઉ.વ. ૨૭ રહે. પાલનપુર તથા અનિલ રતિલાલ ચૌહાણ ઉ.વ. ૨૫ રહે. સીરોઈડી તા. ગઢડા જી. ભાવનગરના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અનિલ અમરતભાઈ કુંવારીયા રહે. પાલનપુરને ગંભીર હાલતમાં મહેસાણા ખસેડાયા હતા. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે હાહાકાર મચી ગયો હતો.

# દાંતીવાડા કોલોની ખાતે ભાજપ કાર્યકર સંમેલન યોજાયું

## વસંત પુરોહિત તેમજ હરેશ જાનીએ કર્યા કોંગ્રેસ પર આકરા પ્રહારો

દાંતીવાડા, તા. ૩૦

દાંતીવાડા કોલોની ખાતે આજે ભારતીય જનતા પાર્ટી દ્વારા યુવા સંમેલન યોજાયું હતું. જેમાં તાલુકાના પાર્ટીના હોદ્દેદારો, તાલુકા ડેલીગેટો, સરપંચો, શક્તિ કેન્દ્રોના પ્રમુખ પ્રભારીઓ તેમજ અન્ય મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મળતી માહિતી મુજબ દાંતીવાડા કોલોનીમાં આવેલ વિદ્યાવિહાર શાળાની બાજુમાં આજરોજ બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટીના સાંસદ ઉમેદવાર હરિભાઈ ચૌધરીની હાજરીમાં કાર્યકર સંમેલન યોજવામાં આવ્યું હતું. તાલુકામાંથી આવેલા દરેક નાના-મોટા હોદ્દેદારો તેમજ કાર્યકરોએ હરિભાઈનું ખેસ પહેરાવી હૃદયપુર્વક સ્વાગત કર્યુ હતુ, અને આવનાર દરેક કોમના આગેવાનો દ્વારા બેઠક સમક્ષ જંગી મતોથી વિજયી બનાવવા ખાતરી અપાઈ હતી, બેઠક સમક્ષ ધાનેરા વિધાનસભા ઈન્ચાર્જ વસંતભાઈ પુરોહિતે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસે આપણને જાતીવાદના ઝઘડા અને સતત ઘેર માર્ગે દોરવાનું કામ કર્યુ છે અને ત્યારબાદ બેઠકને સંબોધતા હરેશભાઈ જાની પણ મન મુકીને કોંગ્રેસ પર વરસ્યા હતા તેમણે જણાવ્યું હતું કે મિત્રો આટલા લાંબા ગાળાના સાશનમાં કોંગ્રેસે આપણને મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી સિવાય કશુજ આપ્યું નથી માટે હવે આપને બધા એક મળી હરિભાઈ ચૌધરીને વિજયી બનાવીને આપણા નરેન્દ્રભાઈ મોદીને પીએમ બનાવવા આપણી બનાસકાંઠા સીટ તેમને અર્પણ કરીએ, આમ બેઠક દરમિયાન દરેકના મુખે નરેન્દ્રભાઈ પીએમ બને તેવી ચર્ચાઓ સાંભળવા મળી હતી. સંમેલનમાં ભાજપ સાંસદ ઉમેદવાર હરિભાઈ ચૌધરી, લોકસભા ઈન્ચાર્જ હરેશભાઈ જાની, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ચૌધરી, પ્રદેશ ભાજપ યુવા મોરચા મંત્રી પ્રવીણભાઈ માળી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મધુભાઈ રાણા, ધાનેરા વિધાનસભા ઈન્ચાર્જ વસંતભાઈ પુરોહિત, ધાનેરા વિધાનસભા સહ ઈન્ચાર્જ મેરૂજી ધુન્ખ, જિલ્લા પંચાયત સેલ કન્વીનર ગણપતભાઈ રાજગોર, પૂર્વ જિલ્લા મહામંત્રી જયેન્દ્રભાઈ જોશી, જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ ચૌધરી, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી, તાલુકા ભાજપ મહામંત્રી નટુભાઈ ચૌધરી, તાલુકા ભાજપ મહામંત્રી ઈશ્વરભાઈ ટાયાણી, તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, કારોબારી ચેરમેન પી.સી. જોષી તેમજ તાલુકા ડેલીગેટો, સરપંચો, શક્તિ કેન્દ્રના પ્રમુખ-પ્રભારીઓ તેમજ યુવા મોરચો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# બોરીયા સીતવાડા ખાતે બળીયાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

સાબરકાંઠાના પ્રાંતિજ સ્થિત બોરીયા સીતવાડા ગામે આગામી તા. ૭ થી ૯ એપ્રિલ ૨૦૧૪ દરમિયાન ત્રિદિવસીય બળીયાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક યોજાશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રથમદિને દેહ શુદ્ધી પ્રાયશ્ચિત યજ્ઞ પ્રારંભ, પંચાગ ક્રમ, સ્થાપિત દેવોનું આહવાન, અગ્નિસ્થાપન, સાયંપૂજા, આરતી જ્યારે બીજા દિવસે પ્રાત પૂજા, શોભાયાત્રા, હોમક્રમ, સ્તપત, વિધી (મહાઅભિષેક) આરતી અને રાત્રે રાસ-ગરબા તેમજ ત્રીજા દિવસે પ્રાતઃપૂજન મહાપ્રસાદ, મૂર્તિ પ્રતિષ્ઠા, શ્રીફળહોમ, મહાઆરતી સંતવાણી ડાયરો તેમજ ગુજરાતી નાટક રજૂ થશે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તિ પ્રેમી જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# હંમેશા કચ્છના જનહિત માટે અવાજ ઉઠાવતો રહીશ : શક્તિસિંહ ગોહિલ

અબડાસા, તા. ૩૦

ગુજરાતની વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી લોકસભાની ચૂંટણીઓની સાથે યોજાવાની છે. કચ્છ જિલ્લાના અબડાસા વિધાનસભાની બેઠક માટે કોંગ્રેસે તેના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલને ટીકીટ આપી છે. શક્તિસિંહ ગોહિલે આ સંદર્ભે એક અખબારી યાદી દ્વારા કચ્છની જનતાનો આભાર માનતા કચ્છના જનહિત માટે અવાજ ઉઠાવતા રહેવાની બાંહેધરી આપી છે.

કચ્છના માતાના મઢ ખાતે તા. ૧૫મી માર્ચે મળેલી એક મીટીંગમાં વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષની ટીકીટ ઈચ્છતા ૧૩ આગેવાનોએ સર્વસંમતિથી અબડાસાથી શક્તિસિંહ ગોહિલ ચૂંટણી લડે તે માટે માંગણી કરી હતી. રાષ્ટ્રીય પ્રવક્તા તરીકેની જવાબદારી શિરે હોવાથી ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવવા છતાં આ વિસ્તારના આગેવાનો, જુદી જુદી જ્ઞાતિ, ધર્મ અને વર્ગના આગેવાનોએ શક્તિસિંહના નામનો જ આગ્રહ રાખી સ્વયંભૂ રીતે અમદાવાદ અને દિલ્હી જઈ મોવડીમંડળ સમક્ષ રજૂઆતો કરતા તેમને ચૂંટણી લડવા આદેશ કરાયો છે. તેમણે કચ્છની જનતાનો આભાર માનતા અબડાસા વિધાનસભા અને સમગ્ર કચ્છના વિકાસ માટે સાથે મળીને પુરુષાર્થ કરવા હાંકલ કરી છે.

# અસારવામાં ભાજપનો વિજય સંકલ્પ કાર્યક્રમ

અમદાવાદ,તા. ૩૦

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં આજે ભાજપની વિજય સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સામાન્ય લોકો ઉમટી પડ્યા હતા.

ભાજપની આ વિજય સંકલ્પ રેલી અને કાર્યક્રમને લઈને પહેલાથી જ જોરદાર આયોજન કરવામાં આવ્યું હતું. લોકસભાની ચૂંટણી આડે હવે ખુબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે ભાજપે હવે આક્રમક રણનીતિ અપનાવી છે. ગુજરાતમાં લોકસભાની મોટાભાગની બેઠકો જીતવા માટે ભાજપે પોતાનીરીતે આયોજન કર્યું છે. ગુજરાતમાં ૨૬ લોકસભાની બેઠક માટે ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. એક મહિનાનો સમય બાકી છે ત્યારે અમદાવાદ શહેરમાં જુદા જુદા વિસ્તારમાં આક્રમક તૈયારી તમામ પક્ષો કરી રહ્યા છે.

## સેનેટની મિટિંગને લઈને પ્રથમવાર વિડિયોગ્રાફી

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટી સેનેટની આજે બેઠક યોજાઈ હતી. પ્રથમ વખત સામાન્ય જનરલ બેઠકની વિડિયોગ્રાફી કરવામાં આવી હતી. ચૂંટણી અસર આના ઉપર પણ દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણીને લઈને આચારસંહિતા અમલમાં હોવાના પરિણામ સ્વરુપે કલેક્ટરે સમગ્ર કાર્યવાહીની રેકોર્ડિંગ કરવા યુનિવર્સિટીને સૂચના આપી હતી. સૂત્રોએ કહ્યું છે કે, આજની બેઠકમાં વિડિયોગ્રાફી કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને યુનિવર્સિટી કોઈપણ મહત્વપૂર્ણ જાહેરાત કરી શકશે નહીં. આ બેઠકમાં વાર્ષિક બજેટના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પહેલાથી જ યુનિવર્સિટીએ બેઠકમાં કોઈ રાજકીય મુદ્દો ન ઉઠાવવા સેનેટના સભ્યોને સૂચના આપી હતી. કલેક્ટર પાસેથી મળેલા આદેશ મુજબ જ તમામ ધારાધોરણને જાળવીને આ બેઠક યોજાઈ હતી. લોકસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આચારસંહિતા અમલી છે.

# બમ્પર ઉત્પાદન થતાં જીરુંના ભાવ સિઝનમાં નીચા રહેશે

## પાક વહેલો તૈયાર થઇને બજારમાં આવી ગયો હોવાથી ઘરાકી શરૂ : મરચાં-હળદરના ભાવ સ્થિર રહેવાની વકી

અમદાવાદ,તા. ૩૦

રસોઈમાં વપરાતા મસાલા ભરવાની સિઝન શરૂ થઇ ગઈ છે. રાજ્યના મોટાભાગના યાર્ડમાં નવા ધાણા, જીરું અને મરચાંની આવક વધી રહી છે. આ વ્રષે પાક વહેલો તૈયાર થઇને બજારમાં આવી ગયો હોવાથી ઘરાકી શરૂ થઇ ગઇ છે.

વેપારીઓના અનુમાન મુજબ ચાલુ વર્ષે જીરુંનું બમ્પર ઉત્પાદન હોવાથી જીરુંના ભાવ સિઝનમાં નીચા રહેશે. આ વર્ષે ગૃહિણીઓને આખા વર્ષના મસાલાના બજેટ માટે ખાસ બજેટ વધારવાની જરૂર નહીં રહે કારણ કે, મરચાં અને હળદરના ભાવ ગત વર્ષ જેવા જ છે, જીરુંના ભાવ ગત વર્ષ કરતા નીચા છે તો ધાણા થોડા મોંઘા છે. મસાલાના વેપારી અને નિકાસકાર જીતેન્દ્રભાઈ અદાણીના કહેવા પ્રમાણે છેલ્લા ચાર પાંચ દિવસથી લેનાર વર્ગની ખરીદી શરૂ થઇ છે. દેશમાં લાલ મરચાંનું ઉત્પાદન ગત વર્ષની સરખામણીએ સારું છે. આંધ્રમાં ૩૫-૪૦ લાખ બોરી, ગંતુરમાં ૭૫.૮૦ લાખ બોરી, મધ્યપ્રદેશમાં ૩૫-૪૦ લાખ અને અન્ય રાજ્યમાં ૫-૧૦ લાખ બોરીનું ઉત્પાદન છે. સારા ઉત્પાદને કારણે ભાવ જળવાઈ રહ્યા છે. હળદરનો સ્ટોક ઓછો છે અને ઉત્પાદન ધારણા કરતા ઓચું આવશે તે જોતા હળદરમાં લાંબા સમયે તેજીની ચાલ છે. રાજસ્થાનમાં પડેલા વરસાદ અને કરાને કારણે ધાણાને નુસાન થયું છે તેના કારણે ગત વર્ષ કરતા ભાવ થોડા ઊંચા છે. રાજસ્થાન અને ગુજરાતમાં જીરુંનું બમ્પર ઉત્પાદન હોવાથી જીરુંના ભાવ સિઝનમાં નીચા રહેશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

## જીવન કૌશલ્ય કેન્દ્રનો પ્રમાણપત્ર એનાયત કાર્યક્રમ યોજાશે

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠાના પ્રાંતિજ સ્થિત સજન ફાઉન્ડેશન મારફતે શરૂ કરાયેલ જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં વિવિધ વર્ગોની તાલીમ મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

સજન ફાઉન્ડેશ દ્વારા સંચાલિત કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં વિવિધ સિવણ, બ્યુટી પાર્લર, ટેલી સહિતના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે અને તાલીમ વર્ગમાં તાલીમ લઈ ચૂકેલા તાલીમાર્થીઓને સંસ્થાના પ્રમુખ બી.આર. શાહ અને નગરપાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમારના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ઉપરાંત આગામી વેકેશન દરમિયાન જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે ધો. ૧૦-૧૨ પાસ નાપાસ, સ્નાતક અને અનુસ્નાતક તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ કોમ્પ્યુટરને લગતા કોર્ષોનું પણ સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવશે તેમ આયોજકોએ જણાવ્યું હતુ.

# સહકારી સંસ્થાઓને મોદીનું માર્ગદર્શન છે

અમદાવાદ,તા.૩૦

સહકારી આગેવાન ઘનશ્યામભાઈ અમીને પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહીને સહકારી આગેવાને માર્ગદર્શન આપી રહ્યા છે.

આ ઉપરાંત રાષ્ટ્રીયસ્તરે રાષ્ટ્રીય સહકારી સંમેલનોમાં દેશના વડાપ્રધાન મનમોહનસિંહને આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં સંમેલનમાં ઉપસ્થિત રહેવા માટે તારીખ આપી રહ્યા ન હતા. મોદી દેશના વડાપ્રધાન થશે ત્યારે દેશની સહકારી સંસ્થાઓને હુંફ અને પ્રોત્સાહન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. મોદી દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે અમે સૌ સમર્થન આપવા ભાજપમાં જોડાઈ રહ્યા છીએ. રાષ્ટ્રીય સહકારી આગેવાન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન કો-ઓ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન અમીનની સાથે ઘણા આગેવાનો ભાજપમાં જોડાયા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧